# રાધનપુરનો શિલાલેખ.

આ લેખ રાધનપુર શહેરમાં આવેલા શાંતિનાથના ( પાંજરાપોળ વાળા ) મંદિરના ભૂમિગૃહ ( ભોંયરા ) માં ઉતરવાના પગથિઆઓ ઉપર એક મ્હોટી શિલામાં કોતરેલો છે. એમાં એકંદર ૪૧ પદ્યો છે અને તે દરેકનો સાર આ પ્રમાણે છેઃ—

પ્રથમના બે પદ્યોમાં શાંતિનાથની સ્તવના કરવામાં આવી છે. ૩ જા શ્લોકમાં જગતમાં પ્રસિદ્ધ એવા તપગચ્છનો ઉલ્લેખ કરેલો છે. એ ગચ્છમાં અકબર બાદશાહની સભામાં સત્કાર પ્રાપ્ત કરનાર આચાર્ય હીરવિજયસૂરિ અને તેમની પાટે વિજયસેનસૂરિ થયા. (૪–૬ ) વિજયસેનસૂરિની ગાદીએ રાજસાગરસૂરિ થયા કે જેઓ સાગરગચ્છના નાયક–ચલાવનાર હતા. ( ૭–૮ ) તેમની પાટે વૃદ્ધિસાગરસૂરિ થયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯) અને તેમની પાટે લક્ષ્મીસાગરસૂરિ થયા. (૧૦-૧૧) લક્ષ્મીસાગરસૂરિની પાટે કલ્યાણસાગર થયા (૧૨) અને તેમની પાટે પુણ્યસાગરસૂરિ. (૧૩) એ પુણ્યસાગરસૂરિના સદુપદેશથી આ સુંદર મંદિર તૈયાર કરવામાં આવ્યું છે અને માઘ માસના શુકલપક્ષની તૃતીયા અને શુક્રવારના દિવસે તેની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. (૧૪-૧૫)

આ પછી, આ મંદિર બનાવનાર અને પ્રતિષ્ઠા કરાવનાર ગૃહસ્થના વંશનું વર્ણન છે. તે આ પ્રમાણે—

પૂર્વે શ્રીમાલવંશમાં, જૈનધર્મમાં પૂર્ણ શ્રદ્ધાવાન્ એવો સૂરા નામે પ્રસિદ્ધ પુરૂષ થયો. (૧૬) તેના વંશને વિસ્તારનાર એવો ક્ષેમા નામે તેનો પુત્ર હતો. (૧૭) તેના કુલમાં મુકુટ સમાન એવો જયતા નામે પુત્ર થયો જેણે રાજસાગરસૂરિ પાસેથી ધર્મબોધ ગ્રહણ કર્યો હતો. (૧૮) તેનો પુત્ર અભયચંદ્ર થયો અને તેને ૧ જૂઠા, ૨ કપૂર, ૩ જસરાજ અને ૪ મેઘજી એમ ચાર પુત્રરત્નો થયાં. (૧૯) તેમાં જૂઠાના પુત્ર જીવને પોતાના ન્યાયોપાર્જત દ્રવ્ય વડે ૪૨ જિન પ્રતિમાઓ કરાવી હતી. (૨૦) બીજા ભાઇ કપૂરનો સિચવંત નામે પુત્ર હતો અને તેણે પણ ૪૨ પ્રતિમાઓ બનાવરાવી હતી. (૨૧-૨૨) ત્રીજા ભાઇ જસરાજને દેવજી નામે પુત્ર હતો અને તેનો પુત્ર મૂળજી હતો. એ મૂલજીએ પણ દેવ અને ગુરૂની ૨૨ ચરણ પાદુકાઓ કરાવી હતી તથા કેટલીક જિનમૂર્તિઓ પણ ભરાવી હતી. (૨૩-૨૬) ચોથો ભાઇ જે મેઘજી હતો તેને મોતીચંદ્ર, દાનસિંહ અને ધર્મરાજ એમ ત્રણ પુત્રો હતા. એ ત્રણે ભાઇઓએ મળીને ૧૮ જિનપ્રતિમાઓ કરાવી હતી. (૨૭-૩૧) તેમણે, પછી ઘણા આડંબર પૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો અને તેમાં સઘળા દેશના માણસોને આદરપૂર્વક આમંત્રણ કરી બોલાવ્યા હતા. તેમને ભોજન, પાન, વસ્ત્ર વિગેરે આપી ખૂબ સત્કાર્યા હતા. અનેક શાસ્ત્રના જ્ઞાતા અને પ્રતિષ્ઠા કાર્યમાં કુશળ એવા કેટલાએ શ્રીપૂજ્યોને પણ બોલાવ્યા હતા. (૨૮-૩૪ એ બધા શ્રી પૂજ્યો સાથે આચાર્ય પુણ્યસાગરસૂરિએ, સંવત ૧૮૩૮ ના ફાલ્ગુણ શુકલ દ્વિતીયાના દિવસે જ્યારે નક્ષત્ર રેવતી અને ચંદ્રમા વૃષ લગ્નમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિત હતો, તે વખતે, આ બધી મૂર્તિઓની, ન્યાસ અને ધ્યાનની મુદ્રાપૂર્વક શુભ પ્રતિષ્ઠા કરી. ( ૩૫–૩૭ ) આ બધી મૂર્તિઓ શ્રીશાંતિનાથના મંદિરમાં સ્થાપન કરવામાં આવી છે. ( ૩૮ ) છેવટના બે પદ્યોમાં આશીર્વાદ આપવામાં આવ્યો છે. ( ૩૯–૪૦ ) અંતે આ પ્રશસ્તિની રચના પુણ્યસાગરસૂરિના શિષ્ય અમૃતસાગરે કરી હતી, ( ૪૧ ) એમ જણાવી લેખ સમાપ્ત કરવામાં આવ્યો છે.